| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૧૬/૦૨/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૩૯૩ લીટર દેશી દારૂ, ૧૫૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૫૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૦૨ બિયર ટીન, ૨ રિક્ષા, ૨ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૪૬/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** ધર્મેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ પરમાર (ઉ.વ.૪૦) (રહે. વંદે માતરમ પ્રાઇમ વંદે માતરમ સીટી ગોતા) એ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ભાગવત વિદ્યાપીઠ સામે આવેલ એચ.સી.જી.આસ્થા કેન્સર સેન્ટર નામની હોસ્પિટલ ખાતે એડમીન ડીપર્ટમેન્ટમાં નોકરી કરતા પુનિતભાઈ વિરેન્દ્રભાઈ શાહ (રહે. શ્રીજી કુંજ ડુપ્લેક્ષ વિભુષા બંગ્લોઝ પાછળ પટેલ ડેરી રોડ બોપલ જી.અમદાવાદ) એ તા.૦૧/૦૨/૨૦૨૫ થી તા.૦૨/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન દર્દીઓ પાસેથી કલેક્શન કરેલ નાણાં માંથી રૂપિયા ૩,૮૪,૦૦૦/- કેશીયર વિભાગમાં જમાં નહી કરાવી ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**નવરંગપુરાઃ** ચિરાગભાઈ અશોકભાઈ પરમાર (રહે. ગાયત્રીપાર્ક અક્ષય ગઢ રોડ ગાયત્રી મંદીર પાછળ કેશોદ તા.કેશોદ જી.જુનાગઢ) એ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે ચિરાગભાઈ પરમારને વિદેશ જવા માટે ગામના ઓળખીતા આરોપી (૧) જયભાઈ ધર્મેશભાઈ હડીયા (રહે. સુમન સોસાયટી મોચી સમાજની બાજુમાં ગામ-કેશોદ તા-કેશદ જી-જુનાગઢ) નો સંપર્ક કરતા તેઓએ ચિરાગભાઈ પરમારને વિદેશ મોકલવા માટે ખર્ચ પેટે પચાસ ટકા પૈસા નવરંગપુરા સી.જી.રોડ સહજાનંદ કોમ્પલેક્ષમાં ૧૦૯ બાલાજી એન્ટરપ્રાઈઝ ખાતે જમા કરાવવા પડશે તેમ કહેતા ચિરાગભાઈ પરમારે તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ બાલાજી એન્ટરપ્રાઈઝ ખાતે આરોપી (૨) કુલદીપભાઈ પરબતભાઈ વાળા (રહે. ગામ-આજોઠા તા-વેરાવળ જી-ગીર સોમનાથ) નાઓને પાસે રૂપિયા ૬,૦૦,૦૦૦/- જમા કરાવેલ ત્યારબાદ મોબાઈલ ઉપર સંપર્ક કરતા બન્નેના ફોન બંધ આવતા હોય તેમજ ઓફીસ બંધ કરી દેતાં તેઓના મિત્ર (૩) કૃપાલભાઈ ધનાભાઈ ભાટ્ટુ (રહે. મેઈન ચોક વાડોત્રા તા.જી-પોરબંદર) તથા (૪) દિવ્યેશ દાદુભાઈ બારીઆ (રહે. મસ્જીદ પાસે રાણા કંડોરણા તા-કંડોરણા રાણા જી-પોરબંદર) નાઓનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે સંપર્ક થશે એટલે તમારા પૈસા પરત મળી જશે તેમ કહી પૈસા પરત નહી આપી ચારેય આરોપીઓએ ભેગા મળી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.દેસાઈ ચલાવે છે.

**રામોલઃ** ઓમકાર સ/ઓ રામલાલ સહાની (ઉ.વ.૩૨) (રહે. ક્રીષ્ના એપાર્ટમેન્ટ બાપુનગર) એ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઓમકાર સહાની નાઓ વિશ્વા ઈલેક્ટ્રોનીક્સ શો–રુમ કર્ણાવતી ચાર રસ્તા વસ્ત્રાલ ખાતે નોકરી કરતા હતા દરમ્યાન આરોપી રવિ પ્રદીપભાઇ પંચાલ (રહે. કૃષ્ણકુંજ સોસાયટી સુરેલીયા એસ્ટેટ અમરાઇવાડી) એ સને ૨૦૨૧ માં ઓમકાર સહાનીનું ક્રેડીટ કાર્ડ સ્વાઈપ કરી નાણાં મેળવી જે નાણાં ઓમકાર સહાનીને પરત આપી વિશ્વાસ અપાવી ત્યારબાદ તા.૨૦/૦૨/૨૦૨૪ ના રોજ પૈસાની જરૂરીયાત હોવાનું જણાવી ઓમકાર સહાનીના ફોનમાંથી અલગ–અલગ ફાઇનાન્સ કંપનીની ઓન લાઇન એપ્લીકેશન ડાઉનલોડ કરી અલગ–અલગ લોન લઈ કુલ રૂપિયા ૮,૨૯,૦૦૦/– મેળવી લઈ તેમજ સાહેદના અલગ–અલગ બેન્કના ક્રેડીટ કાર્ડ સ્વાઇપ કરી કુલ રૂપિયા ૧૬,૮૨,૬૦૦/– લીધેલ હોય તેમજ તે સિવાય પણ અન્ય માણસો પાસેથી અલગ–અલગ કંપનીના ક્રેડીટ લઈ કાર્ડ સ્વાઇપ  કરી નાણાં મેળવી લઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી  કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.મકવાણા ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ** આશાબહેન પ્રશાંતભાઇ ત્રિવેદી (ઉ.વ.૪૭) (રહે. સી–૬૦૯, મારૂતિ સ્કાય એપાર્ટમેન્ટ રિલાયન્સ પેટ્રોલપંપ પાછળ ઓમ સર્કલ વસ્ત્રાલ) એ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૮/૨૦૨૩ થી તા.૧૪/૦૭/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નંદકિશોર ઉર્ફે નંદુકાકા કાંતિલાલ સોની (રહે. ઇ–૪૦૧ મારૂતિ સ્કાય એપાર્ટમેન્ટ, રિલાયન્સ પેટ્રોલપંપ પાછળ ઓમ સર્કલ વસ્ત્રાલ) તથા ખુશ્બુ કિંજલ સોની તેમજ કિંજલ મહેશકુમાર સોની (બન્ને રહે. ઇ–૩૦૧, મારૂતિ સ્કાય એપાર્ટમેન્ટ, રિલાયન્સ પેટ્રોલપંપ પાછળ ઓમ સર્કલ વસ્ત્રાલ) એ ભેગા મળી ઇન્સ્યોરન્સ પોલીસીમા રોકાણ કરશો તો તેમાથી મળતા કમિશનમાંથી તમને તેર દિવસમા દસ ટકા જેટલું કમિશન આપવામાં આવશે તેમ જણાવી આશાબહેના ત્રિવેદી પાસેથી રૂપિયા ૩,૪૭,૩૧,૫૯૪/– તથા આશાબહેન ત્રિવેદીના ઓળખીતાઓ પાસેથી રૂપિયા ૨,૩૪,૦૭,૦૦૧/– મળી કુલ રૂપિયા ૫,૮૧,૩૮,૫૯૫/– મેળવી લઇ દસ ટકા કમિશન પેટે આશાબહેના ત્રિવેદીને તથા આશાબહેન ત્રિવેદીના પરિચિત વિક્રમભાઇ મશરના વિવિધ બેંક ખાતાઓમા ટુકડે ટુકડે રૂપિયા ૪,૬૦,૩૦,૨૫૭/– કમિશન પેટે આપેલ અને આશાબહેના ત્રિવેદી તથા આશાબહેન ત્રિવેદીના ઓળખીતાઓની મુડીના કુલ રૂપિયા ૫,૮૧,૩૮,૫૯૫/– પરત માંગતા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ  ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.ઇ.શ્રી આર.જી.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૨૪૭/૨૦૨૫**

**મણીનગરઃ** કિરણબહેન વા/ઓ મનિષભાઇ પરમાર (રહે. આઇડીયા કોલોની ઉત્તમનગર ગાર્ડન સામે મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૨/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાથી તા.૧૫/૦૨/૨૦૨૫ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કિરણબહેનના રહેણાંક ખાતે રહેતા ભાડુઆતના રૂમના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ રૂમમાં પ્રવેશ કરી લોખંડની તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૮૦૦૦/–મળી કુલ રૂપિયા ૧,૧૧,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.આર.પરમાર ચલાવે છે.

**શહેરકોટડાઃ** કાન્તિભાઇ ચમનભાઇ પટણી (રહે. મંગલપ્રભાત સોસાયટી મિલન સિનેમા સામે સરસપુર) એ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૨૦૨૫ સવારના ૫/૦૦ થી તા.૧૪/૦૨/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બાજુમાં આવેલ મકાનની સિડી વાટે અજાણી વ્યક્તિ પોતાના ઘરમાં પ્રવેશ કરી દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૭૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૮/૨૦૨૫**

**રાણીપઃ (૧)** ગૌરવ સ/ઓ શિવપ્રસાદ સોની (ઉ.વ.૩૫) (રહે. માધવબાગ ફ્લેટ નિર્ણયનગર વાડજ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગૌરવ સોની નાઓ સોનીનો ધંધો કરતા હોય તા.૧૪/૦૨/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાથી તા.૧૫/૦૨/૨૦૨૫ કલાક ૦૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રાણીપ મકાન નંબર-૧૩૦૧ બ્લોક નં-કે સર્વેશ્વર ફ્લેટ ખાતેથી કારીગર લોકેન્દ્ર અમરતલાલ સોની (રહે. શ્રી રામનગર નંદરી રૂલર જોધપુર રાજસ્થાન) ગૌરવ સોની પાસેથી દાગીનાના જડતર માટે સોનાનો સેટ તથા સોનાની બુટી એક જોડી કિમત રૂપિયા ૬,૭૦,૦૦૦/- તથા પન્નાના સ્ટોન નંગ-૧૧ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- તથા કુંદન (સોનાની પટ્ટી) કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- , તથા સોનાનો ઝાલર ડીઝાઇનનો સેટ તથા સોનાની બુટી કિમત રૂપિયા ૮,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૭,૪૦,૦૦૦/- આપેલ હતા. જે સોનાના દાગીના ચોરી કરી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

**રાણીપઃ (૨)** જશીબહેન વા/ઓ અમૃતલાલ (ઉ.વ.૭૦) (રહે. કિર્તન સોસાયટી ડી-માર્ટ પાસે રાધાસ્વામી રોડ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૨/૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે જશીબહેનના ઘરે એક પુરૂષ આવ્યો હતો એન ગરીબોને ટીફીન બાંધવાની વાત-ચીત કરી જશીબહેન પાસે પાણી પીવા માંગેલ જેથી જશીબહેને પીવા માટે પાણીનો ગ્લાસ આપેલ અને જશીબહેન ગ્લાસ રસોડામાં મુકવા ગયા હતા દરમ્યાન આ પુરૂષ ઘરમાંથી પર્સ ચોરી કરી લઈ ગયો હતો. જે પર્સમાં મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૬૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૯/૨૦૨૫**

**નવરંગપુરાઃ** નમ્રતાબહેન ડો/ઓ ગોવિંદભાઈ અગ્રવાલ (ઉ.વ.૪૧) (રહે. શ્રીજી પેલેસ પાલીચાડ ચાર રસ્તા દર્પણ છ રસ્તા પાસે નારણપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૨/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૧૫/૦૨/૨૦૨૫ કલાક ૭/૨૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા લલીત સ્કુલ પાસે નવજીવન પ્રશાંત સોસાયટી સામે ઈશ્વરાપાર્ક બંગલા નંબર-૨ નજીક પાર્કીંગમાં પાર્ક કરેલ મારૂતી સુઝુકી કંપનીની સ્વિફ્ટ ડિઝાયર કાર નંબર જીજે ૦૧ એચઝેડ ૫૩૫૦ કિમત રૂપિયા ૩,૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૫૦/૨૦૨૫**

**નરોડાઃ** મોહમ્મદઝુબેર મોહમ્મદનઈમ શેખ (રહે. બ્લોક નંબર-૧૦૩,૫૦૬ ગુજરાત હાઉસિંગ બોર્ડ બાપુનગર) તા.૧૫/૦૨/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા નરોડા જીઆઇડીસી રેલવે ફાટક થાંભલા નંબર ૩૯૮/૬ થી ૩૯૮/૫ વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિરીટભાઈ વિઠ્ઠલભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેકટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી